# કુલસચિવશ્રીની કચેરી,
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

---

**વંચાણે લીધાઃ** (૧) ગુજરાત સરકારના ગૃહ વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા.૦૬.૦૪.૨૦૨૧ ના હુકમ.
(૨) ઉપ સચિવશ્રી (કા.વ્ય.) ગૃહ વિભાગ સચિવાલય, સચિવાલય ગાંધીનગરના તા.૧૨.૦૪.૨૦૨૧ હુકમ
(૩) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, નવસારીના તા.૧૩.૦૪.૨૦૨૧ નું સુધારા જાહેરનામું

## પરિપત્ર

નોવેલ કોરોના વાયરસ (COVID-19) ના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી સાવચેતીના પગલારૂપે સરકારશ્રીના ગૃહ વિભાગ તરફથી ઉકત વંચાણે લીધેલ ક્રમ નં.૧ અને ૨ ના હુકમોથી જરૂરી સૂચનાઓ જારી કરેલ છે, જેનો અમલ નવસારી કૃષિ યુનિવર્સિટીમાં કરવાનો રહે છે. જેની વિગતો નીચે મુજબ છે.

(૧) તા.૦૬.૦૪.૨૦૨૧હુકમમાં જણાવ્યા અનુસાર તા.૩૦.૦૪.૨૦૨૧સુધી તમામ સરકારી કચેરીઓ તમામ શનિવાર અને રવિવાર બંધ રહેશે, કચેરીઓમાં ખૂબજ અગત્યની કામગીરી હોય તોજ મુલાકાતીઓને પ્રવેશ આપવાનો રહેશે.

(૨) તા. ૧૨.૦૪.૨૦૨૧ના હુકમમાં જણાવ્યા અનુસાર સરકારી/ અર્ધસરકારી/બોર્ડ કોર્પોરેશન તથા તમામ પ્રકારની ખાનગી ઓફિસોમાં કર્મચારીની હાજરીની સંખ્યા ૫૦ % રહે તેથી ALTERNATE DAY મુજબ ફરજ ઉપર આવે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે, આવશયક સેવાઓને આ લાગુ પડશે નહી.

વધુમાં રોજમદાર ખેત મજુરો તથા ઓફિસોમાં કામગીરી કરતાં રોજમદારોને કચેરીના વડાશ્રીઓએ કામગીરીને ધ્યાને લઈ પોતાની વિવેક બુદ્ધિ અનુસાર રોજમદારોને બોલાવવાના રહેશે.

સદરહુ પરિપત્ર મા. કુલપતિશ્રીની મંજૂરી મેળવી બહાર પાડવામાં આવે છે.

**જા.નં.નકૃયુ/રજી/અ–૩–૨/૫૦%હાજરી/** ૩૬૪૨-૯૨ **/ ૨૦૨૧.**
**તારીખ :૧૫/૦૪/૨૦૨૧**

**ઈ/ચા.કુલસચિવ**

**નકલ સવિનય રવાના:–**
(૧) સેકશન અધિકારીશ્રી, ક–૨ શાખા, કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, જિલ્લા સેવા સદન, ૧ લો માળ, કાલીયાવાડી, નવસારી

**નકલ રવાના:–**
(૧) નવસારી કૃષિ યુવિનર્સિટી, નવસારીના તમામઅધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારુ.
(૨) નવસારી કૃષિ યુવિનર્સિટી, નવસારીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ ઘટતુ થવા સારુ.
(૩) અત્રેની કચેરીના તમામ શાખાઓ તરફ.

# ગુજરાત સરકાર

**ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨**

**ગૃહ વિભાગ, સચિવાલય,**

**ગાંધીનગર**

**તા. ૧૨.૦૪.૨૦૨૧**

**હુકમ :-**

નોવેલ કોરોના વાયરસ ( COVID-19)ને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. આ સંબંધમાં કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે સુચનાઓ તેમજ માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવેલ છે.

૨. રાજ્યમાં COVID-19 ની અસર કેટલાક શહેરોમાં વધારે વર્તાઇ રહી છે. જે અંગે રાજ્ય સરકારે ગંભીરતાપૂર્વક વિચારણા કરેલ છે. પુખ્ત વિચારણાને અંતે રાજ્ય સરકારે નીચે મુજબની બાબતો અમલમાં મુકવા નિર્ણય કરેલ છે.

- તા. ૧૪.૦૪.૨૦૨૧ થી અમલમાં આવે તે રીતે લગ્ન સમારંભમાં બંધ કે ખુલ્લી જગ્યામાં ૫૦(પચાસ) થી વધુ વ્યક્તિઓ એકઠા થઇ શકશે નહિ.
- જે શહેરોમાં રાત્રિ કર્ફ્યુ અમલમાં છે ત્યાં કર્ફ્યુના સમયની અવધી દરમિયાન લગ્ન સમારંભ યોજી શકાશે નહિ.
- મૃત્યુના કિસ્સામાં અંતિમ વિધી/ઉત્તરક્રિયામાં ૫૦(પચાસ)થી વધારે વ્યક્તિ એકત્ર થઇ શકશે નહીં.
- જાહેરમાં રાજકીય/સામાજીક/ધાર્મિક કાર્યક્રમો, સત્કાર સમારંભ, જન્મ દિવસની ઉજવણી કે અન્ય મેળાવડા યોજવા પર તાત્કાલિક અસરથી સંપૂર્ણ પ્રતિબંધિત રહેશે.
- એપ્રિલ તથા મે માસ દરમ્યાન આવતા દરેક ધર્મના તહેવારો જાહેરમાં ઉજવી શકાશે નહીં તથા જાહેરમાં લોકો એકત્ર થઇ શકશે નહી. તમામ તહેવારો પોતાની આસ્થા અનુસાર ઘરમાં કુટુંબ સાથે ઉજવવાના રહેશે.
- સરકારી, અર્ધ સરકારી, બોર્ડ, કોર્પોરેશન તથા તમામ પ્રકારની ખાનગી ઓફીસોમાં કર્મચારીઓની હાજરીની સંખ્યા ૫૦% સુધી રાખવાની રહેશે અથવા alternate dayએ કર્મચારીઓ ફરજ પર આવે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે. આવશ્યક સેવાઓને આ જોગવાઇ લાગુ પડશે નહીં.
- રાજ્યના તમામ ધાર્મિકસ્થાનો તા. ૩૦.૦૪.૨૦૨૧ સુધી જાહેરજનતા માટે બંધ રાખવા અપીલ કરવામાં આવે છે. ધાર્મિકસ્થાનો ખાતેની દૈનિક પૂજા/વિધી ધાર્મિકસ્થાનોના સંચાલકો/પૂજારીશ્રીઓ દ્વારા મર્યાદિત લોકો સાથે કરવામાં આવે તે સલાહભર્યુ છે. શ્રધ્ધાળુઓને પણ ધાર્મિક્સ્થાનોમાં પ્રત્યક્ષ દર્શન ન કરવા જવાની વિનંતી કરવામાં આવે છે.

- ગૃહ વિભાગના સમાનક્રમાંકના તા.૦૬.૦૪.૨૦૨૧ના હુકમથી આપવામાં આવેલ અન્ય સુચનાઓ યથાવત રહે છે.
- આ દરમિયાન કોવિડ સબંધિત અન્ય માર્ગદર્શક સુચનાઓનું દરેક નાગરિકોએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૪. આ હુકમનું અસરકારક અમલીકરણ સર્વે પોલીસ કમિશ્નર, જિલ્લા મેજીસ્ટ્રેટ તથા જિલ્લા પોલીસ વડા દ્વારા કરવાનું રહેશે

આ હુકમના ભંગ બદલ The EPIDEMIC DISEASES Act 1897 અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020ની જોગવાઇઓ, INDIAN PENAL CODEની કલમ ૧૮૮ તથા THE DISASTER MANAGAMENT ACTની જોગવાઇઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પંકજ દવે)

ઉપ સચિવ (કા.વ્ય.)

ગૃહ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ ( પત્ર દ્વારા)
- સચિવાલયના સર્વે વિભાગો.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
- ગૃહ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ.
- તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ
- તમામ રેન્જના વડાશ્રીઓ
- તમામ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ
- તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ
- માહિતી નિયામકશ્રી – ગુજરાત રાજય, બ્લોક નં.૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
  ૨/– આ બાબતને બહોળી પ્રસિદ્ધિ મળે તે મુજબની જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ.
- સેકશન અધિકારીશ્રી, આઇ.ટી.સેલ,ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  આ હુકમને ગૃહ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરાવવા અંગે જરુરી કાર્યવાહી કરવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ – ૨૦૨૧.